# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-05-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

- **રાજ્યમાં કાળઝાળ ગરમીને કારણે વીજ માંગ 24 હજાર 550 મેગાવોટની સર્વોચ્ચ સપાટીએ.**
- **11 શહેરોમાં સરેરાશ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસને પાર. - અમદાવાદ અને વડોદરામાં વોર્મ નાઈટની આગાહી.**
- **અમદાવાદ એરપોર્ટ પરથી ઝડપાયેલા ચાર આંતકવાદીઓ 14 દિવસના રિમાન્ડ પર.**
- **આજે આતંકવાદ વિરોધી દિવસ મનાવવામાં આવશે.**
- **વન વિભાગ દ્વારા આજથી ઘુડખરની વસતી ગણતરીની શરૂઆત.**
- **આજથી IPLનો પ્લેઓફ રાઉન્ડ શરૂ. - પ્રથમ ક્વોલિફાયર મેચ અમદાવાદમાં કોલકાતા નાઇટ રાઇડર્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે રમાશે.**

---

## Regional - Power demand up

સમગ્ર રાજ્યમાં કાળઝાળ ગરમીને કારણે છેલ્લાં કેટલાંક દિવસથી વીજ માંગમાં તીવ્ર વધારો થયો છે.

છેલ્લાં પાંચ વર્ષમાં પ્રથમવાર વીજ માંગ 24 હજાર 550 મેગાવોટની સર્વોચ્ચ સપાટીએ પહોંચી છે, જે આ મોસમમાં દૈનિક વપરાશનો વિક્રમ છે. ગુજરાત ઉર્જા વિકાસ નિગમની વીજ વિતરણ કંપનીઓની વીજ માંગ છેલ્લાં પાંચ વર્ષનાં મે મહિનાની તુલનાએ આ વર્ષે મે મહિનામાં સર્વોચ્ચ સ્તરે નોંધાઈ છે.

સોમવારે રાજ્યની વીજ માંગ 24 હજાર 550 મેગાવોટ હતી. જો કે અંતિમ આંકડો તેનાંથી પણ વધવાની સંભાવના છે. એપ્રિલ મહિનામાં મહત્તમ વીજ માંગ 23,916 મેગાવોટ નોંધાઈ હતી.

-----------------------------------------------------------------------

# Heat Wave

ગુજરાતમાં સતત પાંચમા દિવસે તીવ્ર ગરમીનું મોજું યથાવત રહ્યું છે. ગઇકાલે રાજ્યનાં 11 શહેરોમાં સરેરાશ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસને પાર થયું હતું. ગાંધીનગર અને હિંમતનગરમાં 45 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

અમદાવાદમાં 44.5 ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જે સામાન્ય કરતાં 3 ડિગ્રી વધુ છે, જ્યારે શહેરમાં રાત્રિનું તાપમાન 31.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. અમદાવાદ અને વડોદરામાં વોર્મ નાઇટની આગાહી કરવામાં આવી છે. એટલે કે આ શહેરોમાં રાત્રે પણ ગરમીનું મોજું રહેશે. રાત્રે પણ બપોરની જેમ ગરમ પવનો ફુંકાતા હોવાથી ગરમ પવનોની અસર દેખાઈ રહી છે.

હવામાન વિભાગે અમદાવાદ અને રાજકોટ સહિતનાં કેટલાંક જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કર્યો છે. એટલે કે, આ જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 45 ડિગ્રી સેલ્સિયસથી વધુ રહેશે. બનાસકાંઠા, પાટણ, મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત,વલસાડ, આણંદ અને સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, ભાવનગર, પોરબંદર અને

જુનાગઢ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયો છે. જ્યારે અમરેલી અને સાબરકાંઠામાં પાંચ દિવસ યલો એલર્ટની ચેતવણી આપી છે.

-----------------------------------------------------------------------

## -ATS - Terrorist

-ગુજરાત ATSએ અમદાવાદ એરપોર્ટ પરથી ઝડપેલા ચાર આંતકવાદીઓને ગઈકાલે મોડી સાંજે ઘીકાંટા મેટ્રો કોર્ટમાં રજૂ કર્યા હતા. કોર્ટે આ તમામ આરોપીને 14 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

-એટીએસે કોર્ટમાં રજૂ કરીને તેમની પૂછપરછ માટે આંતકવાદી સાથે સાંઠગાંઠ, ક્યાં ક્યાં હુમલો કરવાના હતા વગેરે કારણો રજૂ કર્યા હતા. આ તમામ મુદ્દાઓ રજૂ કરીને એટીએસે 14 દિવસના રિમાન્ડની માગણી કરી હતી. જે કોર્ટે મંજૂર કર્યા હતા.

-નોંધપાત્ર છે કે, ગઈકાલે એટીએસે શ્રીલંકાથી આવેલા ચાર આતંકવાદીઓને અમદાવાદ એરપોર્ટ પરથી ઝડપી પાડ્યા હતા. શ્રીલંકાથી આવેલા આ ચારેય આંતકવાદીઓને ફક્ત તમીલ ભાષા આવડતી હોવાના કારણે તમિલ દૂભાસિયાની મદદથી એટીએસે પૂછપરછ કરી હતી.

-----------------------------------------------------------------------

-

## -Anti terrorism day

-આજે સ્વર્ગસ્થ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીજીની પુણ્યતિથિ છે. 1991માં આજનાં દિવસે તેમની હત્યા કરવામાં આવી હોવાથી દર વર્ષે 21મી મેને આંતકવાદ વિરોધી દિવસ તરીકે મનાવવામાં આવે છે.

- નાગરિકોને આતંકવાદ સામે જાગૃત કરવા દર વર્ષે 21મી મેનાં રોજ આતંકવાદ વિરોધી દિવસ મનાવવામાં આવે છે. ગૃહ વિભાગની યાદીમાં

જણાવાયું છે કે, આજે તમામ સરકારી કચેરીઓ, જાહેર ક્ષેત્રના એકમો અને અન્ય જાહેર સંસ્થાઓમાં આતંકવાદ વિરોધી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવશે.

-શપથ ગ્રહણ કરનાર સહભાગીઓ અને આયોજકોની સલામતીને ધ્યાનમાં રાખીને જાહેર મેળાવડાને ટાળવા માટે અધિકારીઓને તેમની કચેરીઓમાં ગંભીરતાપૂર્વક આતંકવાદ વિરોધી પ્રતિજ્ઞા લેવાની સલાહ આપવામાં આવી છે. કોંગ્રેસ દ્વારા આજે અમદાવાદમાં શહેર કાર્યાલય ખાતે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------

-

## -DAMAN Tourists

- કેન્દ્રશાસિત પ્રદેશ દમણના દરિયાકિનારે મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉમટી પડ્યા છે. કાળઝાળ ગરમી અને ઉનાળા વેકેશનને કારણે દમણના જામપોર દરિયા કિનારે ગુજરાત, મહારાષ્ટ્ર સહિતના સહેલાણીઓ જોવા મળી રહ્યાં છે. બીચ પર અનેક રાઇડ્સની સુવિધા પણ સહેલાણીઓ માટે ઉભી કરવામાં આવી છે. આવા જ એક સહેલાણીએ પોતાનો પ્રતિભાવ આપતા આ મુજબ જણાવ્યું.

- ***(ઓડિયો – કરણ પટેલ)***

---------------------------------------------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABADને ફોલો કરી શકો છો.

---

## GHUDKHAR VASTI GANATARI

રાજ્યનું વન વિભાગ આજથી ભારતીય જંગલી ગધેડાની વસતી ગણતરીની શરૂઆત કરશે. ભારતીય જંગલી ગધેડાને ઘુડખર તરીકે ઓળખવામાં આવે છે. ઘુડખર સૌથી વધારે કચ્છના નાના અને મોટા રણમાં જોવા મળે છે.

આકાશવાણી ભુજ સાથે વાત કરતા ઘુડખર અભયારણ્ય ધાંગધ્રાના નાયબ વન સરંક્ષક ધવલભાઇ ગઢવીએ જણાવે છે કે,  આ વસ્તી ગણતરીમાં ઘુડખર ઉપરાંત વરુ, ચિંકારા, કાળિયાર, નિલગાય, શિયાળ, લોમડી વગેરે વન્ય પ્રાણીઓનો સમાવેશ થાય છે. વર્ષ 2020માં ઘુડખરની વસ્તી 6 હજાર 82 હોવાનો અંદાજ છે, જે સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર અને મોરબી, કચ્છ જિલ્લામાં, મધ્ય ગુજરાતમાં અમદાવાદ જિલ્લામાં અને ઉત્તર ગુજરાતમાં પાટણ અને બનાસકાંઠામાં ફેલાયેલા છે.

---

## IPL Match

આજથી આઇપીએલનો પ્લેઓફ રાઉન્ડ શરૂ થશે. પ્રથમ ક્વોલિફાયર મેચ આજે રાત્રે 7-30 કલાકે અમદાવાદમાં કોલકાતા નાઇટ રાઇડર્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે રમાશે. બંને ટીમો લીગ તબક્કાના પોઇન્ટ ટેબલમાં અનુક્રમે પ્રથમ અને દ્વિતિય ક્રમે છે. આજની મેચ જીતનારી ટીમ સીધી ફાઇનલમાં પ્રવેશશે, જ્યારે હારનાર ટીમ બુધવારે આરસીબી અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાનારી મેચની વિજેતા ટીમ સામે રમશે.

---

# Tennis

અમદાવાદનો ટેનિસ ખેલાડી આર્યન શાહ જમૈકામાં આઈ.ટી.એફ. 15-કે સિંગલ્સ ડબલ્સની ફાઈનલમાં પ્રવેશ્યો છે. આર્યન શાહે અમેરિકાના તેમના હરિફને 16મા રાઉન્ડમાં 6-2, 6-2થી હરાવ્યો હતો. જ્યારે ચોથા ક્રમાંકના અમેરિકા ક્લાર્કે 6-1, 6-2થી હરાવી આર્યન ફાઈનલમાં પહોંચ્યો છે.

----------------------------------------------------------------------

# Sutting

શૂટિંગમાં ગુજરાતની શૂટર ઈલાવેનિલ વલારિવાન પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાઈ થઈ છે.

ગુજરાતની આ ખેલાડીએ 10 મીટર એર રાઈફલની ઓલિમ્પિક ટ્રાયલ્સ દરમિયાન વિશ્વ રેકોર્ડ બનાવતા પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાય કર્યું છે. અગાઉ તે ટોક્યો ઓલિમ્પિકમાં પણ ભાગ લઈ ચૂકી છે. ઈલાવેનિલે ઓલિમ્પિક સિલેક્શન ટ્રાયલ્સમાં અંતિમ ફાઈનલમાં 254.3નો સ્કોર કર્યો હતો.

----------------------------------------------------------------------

## Train diverted

ઉત્તર પશ્ચિમ રેલવેના જયપુર મંડળના ગાંધીનગર સ્ટેશન પર સુધારણા કામને પગલે કેટલીક ટ્રેનો પરિવર્તીત કરવાનો નિર્ણય લેવાયો છે.

8મી જૂને ભુજ-બરેલી એક્સપ્રેસ, વારાણસી-સાબરમતી, પોરબંદર-દિલ્હી સરાઇ રોહિલ્લા અને 9મી જૂને બરેલી-ભુજ એક્સપ્રેસ ડાઇવર્ટ કરવામાં આવી છે. આ ટ્રેનોને કુલેરા-જયપુર- અલવર-રેવાડીને બદલે કુલેરા-રિંગ્સ-રેવાડી માર્ગ પર

દોડશે. આ ટ્રેનોને રિંગસ, નીમ કા થાના અને નારનોલ સ્ટેશનો પર વધારાના સ્ટોપેજ આપવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------

## SOMNATH UNIVERSITY MoU

વેરાવળની શ્રી સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલય અને રાજકોટની સૌરાષ્ટ્ર વિશ્વવિદ્યાલય વચ્ચે કરાર કરવામાં આવ્યા છે.

આ કરારના માધ્યમથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં જણાવવામાં આવેલા ભારતીય જ્ઞાનપ્રણાલીને કેન્દ્રમાં રાખી વિવિધ કાર્યો દ્વારા સંસ્કૃત ભાષાના ગ્રંથોમાં રહેલા જ્ઞાન અને વિજ્ઞાનને વિદ્યાર્થીઓ સંશોધકો અને સામાજિક લોકો સુધી પહોંચાડવાની પ્રયાસ કરાશે. તેમજ ભારતીય જ્ઞાન પ્રણાલીના વિવિધ પાસાઓને ઉજાગર કરવાના પણ પ્રયાસ હાથ ધરાશે.

---------------------------------------------------------------------

## AHMEDABAD - COUNTING PREPARATION

રાજ્યની લોકસભાની 25 અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની ચૂંટણીનું પરિણામ ચોથી જૂને જાહેર થશે.

ચૂંટણી પંચે મતગણતરી કેન્દ્રો પરની તમામ તૈયારીઓ શરૂ કરી દીધી છે. અમદાવાદની એલ.ડી. એન્જિનિયરીંગ અને ગુજરાત કોલેજમાં મતગણતરી થશે. મતગણતરી કેન્દ્રો પર પોલીસ બંદોબસ્ત માટેના ડોમ અને કન્ટ્રોલરૂમની તૈયારી શરૂ કરાઇ છે. મીડીયા રૂમ, કન્ટ્રોલ રૂમ, ઉમેદવારોના રૂમમાં LED અને CCTV

સહિતની વ્યવસ્થાની તૈયારીઓ કરાઇ રહી છે. બીજી તરફ મતગણતરી કેન્દ્રમાં બેરીકડ લગાવી રસ્તો તૈયાર કરવામાં આવી રહ્યો છે.

અમદાવાદ જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણા ડી.કે.ના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ચૂંટણી કામગીરી કરનારા કર્મચારીઓ અધિકારીઓના તાલીમ વર્ગોનું  આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ વર્ગો વિશે માહિતી આપતા ડેપ્યુટી કલેક્ટર રિદ્ધિ શુક્લએ જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લામાં આવેલી વિધાનસભા મતવિસ્તારોમાં યોજાયેલા તાલીમ વર્ગોમાં કુલ પાંચ હજાર 432 મતદાન મથકોના 26 હજાર 626 કર્મીઓને ચૂંટણી કામગીરી માટે માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું હતું.

આ તાલીમ વર્ગોમાં માસ્ટર ટ્રેનરની ટીમ દ્વારા મતદાન અગાઉની, મતદાન દિવસની અને મતદાન પછીની,  ઇવીએમ, વીવીપીપેટ, પોસ્ટલ બેલેટ, સહિતની તબક્કાવાર કામગીરી અંગે વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવી હતી.

---------------------------------------------------------------------